# સોનુ સૂદે ૧ કરોડથી વધારે ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને ડિજિટલ અને નાણાકીય રીતે આત્મનિર્ભર બનાવવા માટે સ્પાઈસ મની સાથે જોડાણ કર્યું

ભારતની અગ્રણી રુરલ ફિનટેક કંપની સ્પાઈસ મનીએ આજે જાહેરાત કરી હતી કે, કંપનીએ અભિનેતા, સેવાભાવી અને દાનવીર સોનુ સૂદ સાથે જોડાણ કર્યું, જેનો ઉદ્દેશ ૧ કરોડ ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને ડિજિટલ અને નાણાકીય રીતે સક્ષમ બનાવવાના સહિયારા લક્ષ્યાંકને પાર પાડવાનો છે. જ્યારે કોવિડ-૧૯ રોગચાળાની શરૂઆત થયા પછી અત્યાર સુધી સોનુ સૂદ દેશના અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની મદદ કરી રહ્યાં છે, ત્યારે સ્પાઈસ મનીનો ઉદ્દેશ ડિજિટલ અને નાણાકીય સર્વસમાવેશકતા હાંસલ કરીને દેશના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે. ગ્રામીણ ભારતને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને પ્રગતિના પંથે દોરી જવાના સહિયારા



વિઝનને ધ્યાનમાં રાખીને સોનુ સૂદ અને સ્પાઈસ મની નગરો અને ગામડાઓમાં ઉદ્યોગસાહસિકતાની માનસિકતા ઊભી કરવા સંયુક્તપણે કામ કરશે. આ જોડાણના ભાગરૂપે સોનુ સૂદ કંપનીમાં ઈક્વિટી હિસ્સો ધરાવશે અને એમની નિમણૂક નોન-એક્ઝિક્યુટિવ એડવાઈઝરી બોર્ડ મેમ્બર તરીકે થઈ છે. સ્પાઈસ મની ગ્રામીણ અને શહેરી ભારત વચ્ચે રહેલી અસમાનતા દૂર કરે એવી નવી પહેલો અને ઉત્પાદનોની ડિઝાઈન બનાવવા સોનુ સૂદ સાથે ખભેખભો મિલાવીને કામ કરશે. લોકડાઉન દરમિયાન સોનુ સૂદે વિકસાવેલા વિવિધ કાર્યક્રમોમાંથી સ્પાઈસ મની પસંદ કરશે અને એને સ્પાઈસ મનીના પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરશે. જ્યારે નોન એક્ઝિક્યુટિવ બોર્ડ મેમ્બર તરીકે સોનુ ઉદ્યોગસાહસિકતાનું નેટવર્ક ઊભું કરવામાં પ્રદાન આપશે, ત્યારે ગ્રામીણ ભારતમાં નાણાકીય સર્વસમાવેશકતા અને ડિજિટલ ઉત્થાનને પ્રોત્સાહન આપશે. સોનુ સૂદ ડિજિટલ પ્રોડક્ટ ઓફર વિકસાવવા સ્પાઈસ મની અધિકારીઓ (ઉદ્યોગસાહસિકો) સાથે કામ કરશે, જેથી ટેકનોલોજીની સ્વીકાર્યતા દ્વારા તેમની ડિજિટલ સફરને વેગ મળશે. વળી સોનુ સૂદ સ્પાઈસ મનીના પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ જોવા મળશે.